# જ્ઞાતિમૈયા

**જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર**

ઈ-મેગેઝીન • વર્ષ : ૩ • સળંગ અંક : ૧૮૧ • તા.૨૭ નવેમ્બર થી ૦૩ ડિસેમ્બર ૨૦૨૧

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, Room No. 3, Ground Floor, Anantsidhi Jain Mandir, Opp. Badwaik Hospital, 107, L.B.S. Road, Bhandup (West), Mumbai - 78.








## અચલગચ્છાધિપતિ
## પ.પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા.

### મુનિવર બન્યાં ગણિવર...



ગુરૂકૃણ કૃપાપાત્ર, કચ્છ કોહીનૂર, મારવાડરત્ન, મરૂધર કેશરી પ.પૂ.મુનિરાજ શ્રી કમલપ્રભસાગરજી મ.સા.



સરળસ્વભાવી, સ્વાધ્યાય-સેવાપ્રેમી પ.પૂ.મુનિરાજ શ્રી ધર્મરત્નસાગરજી મ.સા.



પ.પૂ.મુનિરાજ શ્રી ઉદયરત્નસાગરજી મ.સા.

# ગોરેગામ સંઘ આંગણે અંજન શલાકા, પ્રાણ પ્રતિષ્ઠા, ગણિવર્ય પદ પ્રદાન, મુમુક્ષોનો દીક્ષા મહોત્સવ ભવ્યાતી ભવ્ય રીતે સંપન્ન

Diamond manufacturers,
Exporter's & Importer's
Exclusive designer jewellery
Dealing with EF - VVS quality
Own manufacturing unit in Mumbai & Chennai

GJF
Life Member




# 128, Cathedral Road, No.2, 5 th Floor Crown Court Building, Chennai-600 086.

For Business Queries : 044-4314 1444 / 1555

www.shubhdiamonds.com

E.Mail: seema@shubhdiamonds.com

-: શુભેચ્છા સહ :-

માતુશ્રી સરલાબેન ગંગાજર મોમાયા પરિવાર

(ગામ - સાયરા)



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા


**-: સંપાદક ગણ :-**

નીશિથ આનંદ દંડ
જયંત વસનજી છેડા
રાજેન્દ્ર મણિલાલ ખોના
પ્રવીણ હંસરાજ લોડાયા
કીર્તિકુમાર ધનજી ધરમશી

**-: કાર્યાલય :-**

**પોસ્ટ/કુરીઅર પત્રવ્યહાર માટે સરનામું**



Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan
3, Anant Siddhi Building, Gr. Floor, LBS Marg, Bhandup (West), Mumbai - 400 078.

**જ્ઞાતિમૈયા હવે નેટ પર....**
http://www.kdosm.org
Email : gyatimaiya2018@gmail.com



**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ તેને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.


## અમારી વાત...

## સંપાદક સ્થાનેથી

# યુવા ધન સમાજની ખરી સંપતિ

સૌ પ્રથમ યુવાન એટલે શું? જેનો જવાબ અનેક રીતે આપી શકાય. યુવાન એટલે જે અંધકારને ચીરીને સડસડાટ આગળ વધે એ, યુવાન એ છે જે ઝંઝાવતી વાવાઝોડાને ગણકાર્યા વગર ધસમસતો મંઝિલ તરફ એક લક્ષી રહે, યુવાન એ છે જે ધારે તે કરી શકે, ધારે તે મેળવી શકે અને ધારે તે વિચારી એને કોઈપણ ભોગે તેને હાંસલ કરી શકે એવો પાત્ર. યુવાન એટલે લક્ષ્યને વીંધનારો. યુવાન એ છે જે પોતાના સમાજ માટે, તેના વિકાસ અને ઉત્કર્ષ માટે, પોતાનો તન, મન, ધનથી ભોગ આપે, સારા વિચારોને ટેકો આપે, તેને આગળ વધારે અને થઈ શકે તો પોતાને ખભે એનો ભાર ઉપાડી, વહન કરી તેને પાર ઉતારે. શિક્ષિત યુવાન સંસ્કારનું પાલન કરી. શિસ્તમાં રહી વડીલોની આમન્યા, આજ્ઞા જાળવી, વડીલોની આંખને પોતાની પાંખ આપી ગગન ગામી રહે. સમાજ એ જ ઈચ્છે કે અમારો યુવા ધન આત્મવિશ્વાસથી સભર હોય. તેનામાં દ્રઢતા આત્મવિશ્વાસ અને કર્મ શક્તિનો ભંડાર હોય.

આજનો યુવાન ઉચ્ચ શિક્ષિત છે. પણ બહુધા યુવા ધન પોતાનો સમય વિવિધ ઈલેક્ટ્રોનિક મિડીયામાં વીતાવતો રહે છે. વ્યસન અને ફેશનના ચાળે ચડી કોઈપણ લક્ષ્ય વગરની જિંદગી જીવે છે. દરેક નજીવી વાતોમાં પોતાનો સમય વેડફે છે. જે લક્ષ્ય વગર વિચરણને આચરણ દ્વારા પોતાની અને પરિવારની પરેશાની વધારે છે. આવા યુવાનો દરેક બાબતમાં દખલગીરી કરવામાં એક્ષ્પર્ટ હોય છે. પોતાના જીવન કરતાં અન્યના જીવનમાં ડોકીયું તાણી જોવાની આદત વાળા હોય છે. તેમના જીવન મંત્ર માત્ર હરવું, ફરવું અને બિન કારણવશ જીવન જીવવું. આવા રાહ ભૂલ્યાં ભલે ગણ્યા ગાંઠ્યા હોય પણ પરિવાર અને સમાજ માટે બોજારૂપ હોય છે. પરિવાર પછી સમાજ અને પછી દેશ, આ સાંકળને જે યુવાન સંભાળી ન શકે તેનું જીવન વ્યર્થ છે.

આપણા દેશ વર્તમાનમાં યુવા ધનથી સભર છે. યુવાનો સમાજ અને દેશની પ્રગતિનો, વિકાસના એન્જિન છે. આજનો બહુધા યુવા ધન કર્મનિષ્ઠ, પ્રામાણિક, કાર્ય કુશળ અને સદ્‌ભાવ પ્રેમી છે. 'ખુદ જીઓ ઔરોકો જીને દો'ના મંત્રને માન નારો છે. એના વિચારમાં નાવીન્ય છે. એની નજરમાં આગળ વધવાનો એકલક્ષી પ્રણ છે. માટે યુવાધન સમાજના હર એક સ્વપ્ન સાકાર કરવા કટિબદ્ધ છે. સમાજમાં નવી નવી યોજના, નવી મોર્ડન ટેકનોલોજી સાથેના સંયોજનથી દૂર દૂર વસતા સમાજનોને એકસૂત્રે પરોવવાનું કામ શક્ય થયું છે. યુવાનો સમાજના વડીલોને સાથ આપી તેમના વિચારોને ગતિ આપી શકે છે. સમાજના દરેકે દરેક અભિયાનમાં, યોજનાના અમલ યુવાનોનો સાથ રહેવો જરૂરી છે. સમાજ ભક્તિનો મંત્રએ સમાજ શક્તિમાં પલટાઈ જાય એવો માહોલ યુવાનો સર્જી શકે છે. યુવાનોનો જુસ્સો, જોમ અને આવેગ સમાજને નવો બળ આપી શકે છે. દરેકે દરેક યુવાન સમાજના કલ્યાણ માટે સંકલ્પ બદ્ધ થાય તો એ સમાજ માટે જ હિતકારી છે. માટે જ આજે યુવાધન સમાજની ખરી સંપત્તિ છે, સબળ શક્તિ છે.

– જય જ્ઞાતિમૈયા

# સાચી અને સારી વ્યક્તિઓની મહત્તા




નીશિથ દંડ (સેક્રેટરી જનરલ)

વ્યવહારમાં સાચા અને નિખાલસ માણસોનું મહત્વ અધિક હોય છે. તેમની ઉપર ભરોસો સર્વ કોઈ રાખે છે. સાદી ભાષામાં ભોળા કહેવાતા આવા ઓલિયા વ્યક્તિઓ સૌને પસંદ હોય છે. તેમની વાતો, તેમના વિચારો દરેકને સાંભળવા પડે છે. તેમની ઉપર ધ્યાન આપવું પડે છે. એમની વાતો વિચારોનું વજન પડે છે. કોઈપણ વાદ વિવાદમાં તેમના મંતવ્યની અધિકતા વધુ હોય છે. આવા સાચુકલા માણસો સાર્વજનિક કે સામૂહિક સંગઠનોમાં અળખામણા થતા હોય છે કારણકે તેઓ ખોટું ચલાવી લેતા નથી કે ખુશામત કરીને ખીરને મીઠી બનાવતા નથી એટલે આવા સાચી સારી પ્રકૃતિ વ્યક્તિઓ સૌને અકડા લાગવાના જ.

ખુશામત ખોર અને ખંધા વ્યક્તિઓ સમાજ અને રાજકારણમાં અધિકતર જોવા મળે. જેઓ કશું સ્પષ્ટ કરતાં નથી. જેટલું બહાર પ્રકટ કરે એથી અધિક છુપાવી રાખે છે અથવા ગોળ ગોળ વાતો કરીને ઉદ્દેશને પ્રગટ કરતા નથી. આવા જ વ્યક્તિઓ સર્વોચ્ચપદે પહોંચી જાય છે અને સર્વ સત્તાધીશ બની રહે છે. આમ એકવાર સત્તા પ્રાપ્ત થઈ જાય એટલે કે કેમ ટકીને રહે એવા કાવા દાવામાં રત રહે છે. પોતાની ટોળકી બનાવીને અન્યોને સત્તાના વર્તુળમાં પ્રવેશવા દેતા નથી.

પરિવાર અને વ્યવહારમાં સારા થવાનું સૌને ગમે. માણસ સ્વભાવગત હોય તે જ રહેવાનો હોય છે. એમાં કોઈ ફરક કે બદલાવ આવવાનો નથી. દંભનો આંચળો ઓઢીને થોડોક વખત કોઈને ભરમાવી શકાય પણ, કાયમ સૌને છેતરી ન શકાય. આખરે સ્વભાવ એ જ વ્યક્તિની સાચી ઓળખ છે. જે ચોખ્ખા અરીસાની જેમ ચરિત્રની ઓળખ આપી દે છે. આમ દંભ અને કપટ સહિત સાચુકલાને નિખાલસ વ્યક્તિઓ દરેક સંસ્થાને સંગઠનની શોભા ને શાન રૂપ હોય છે. સ્પષ્ટ અને સીધું બોલનારા જ એ સંસ્થાના દર્પણ જેવા બને છે. બોલવાની જરૂર હોય ત્યાં ચૂપ રહેનાર અને જરૂર ન હોય ત્યાં વધારે પડતું બોલનાર વ્યક્તિઓ સમાજનું હિત કરતા નથી. સંસ્થા-સંગઠનને ગતિશીલ અને પ્રાણવાન બનાવવા માટે વિચાર અને વાણીથી પારદર્શક વ્યક્તિઓજ પાયાની ભૂમિકા પૂરી પાડે છે.

## બેંક અકાઉન્ટની વિગત

**For NEFT Transfer**

| | |
|---|---|
| Type of Account | :Saving |
| Account Number | : 002001005497 |
| Name of the Bank | :Shri Arihant Co-op. Bank Ltd. |
| Branch | :Mulund (West), Mumbai - 400 080. |
| Name Account | :Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan |
| For Mobile App Transfer | |
| Our IFSC Code | :ICIC00ARIHT |

**પૈસા મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.**

Draw your cheque in the name of **'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan'** (and payable at par at Mumbai)

**ચેકથી જાહેરાત ભરનારાઓને ચેક 'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan' ના નામથી મોકલવો. ચેક** at par **મુંબઈ હોવા જોઈએ.**

# ગોરેગામ સંઘ આંગણે અંજન શલાકા, પ્રાણ પ્રતિષ્ઠા, ગણિવર્ય પદ પ્રદાન, મુમુક્ષોનો દીક્ષા મહોત્સવ ભવ્યાતી ભવ્ય રીતે સંપન્ન

શ્રી ગોરેગામ વેસ્ટ અચલગચ્છ શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ આંગણે મંગલકારી મહોત્સવનો પ્રારંભ ત.૧૭ નવેમ્બર ૨૦૨૧ બુધવારથી જલયાત્રાના વિધાનથી પ્રારંભાઈ કુંભસ્થાપના, અખંડ દીપક, જવારારોપણથી અમૃતમય માંગલિક વિધાનોથી થયેલ.




મહોત્સવ દરમ્યાન અંજનશલાકા પ્રતિષ્ઠા વિધિવિધાન સહ માર્ગદર્શન તરીકે શ્રાધ્ધવર્યશ્રીયુત રજત વર્ષીતપ આરાધક નરેન્દ્રભાઈ નંદુ, કચવન્ન, જય-મેઘનંદુ ત્રિપુટી તથા એમની સંગીત પાર્ટીના સથવારે ભક્તિ કરેલ.

શુક્રવાર તા.૧૯ના માણેક સ્તંભરોપણ, તોરણબંધન, લઘુનંદાવર્તાદિ લઘુ વીશસ્થાનક પૂજન વિગેરે રહેલ. પ્રભુ ભક્તિ અનુષ્ઠાનો સરદાર વી.પી.હોલમાં રહેલ.

રવિવાર, તા.૨૧ નવેમ્બરના સલુણી સવારે અચલગચ્છાધિપતિ પરમ પૂજ્ય આચાર્ય ભગવંતશ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા., પ્રશમરસ નિધિ પ.પૂ.આ.ભ.શ્રી મહોદયસાગરસૂરીશ્વરજી મ.સા., પ.પૂ.મુનિશ્રી કમલપ્રભસાગરજી મ.સા. આદિ વિશાળ શ્રમણ ભગવંતો તથા અ.ગ.શ્રીના આજ્ઞાવર્તિની પૂ.સા.હર્ષગુણાશ્રીજી મ.સા., પૂ.સા.હીરણ્યગુણાશ્રીજી, પૂ.સા.નયદર્શનાશ્રીજી મ.સા., પૂ.સા.મોક્ષગુણાશ્રીજી આદિ વિશાળ શ્રમણીવૃંદનો દબદબાભેર મહોત્સવ પ્રસંગે નગર પ્રવેશ બેન્ડ પાર્ટી-ઢોલ-શરણાઈના સુમધુર ગગનભેદી નાદો સહ તથા પાઠશાળાના બાલક બાલિકાઓ સુંદર લેઝીમ નૃત્ય. ગહુંલી, શતાધિક સૌભાગ્યવંતી બહેનો દ્વારા સુશોભિત બેડા, ઘડીઓથી મંગલ વધામણા



# ગોરેગામ સંઘ આંગણે અંજન શલાકા, પ્રાણ પ્રતિષ્ઠા, ગણિવર્ય પદ પ્રદાન, મુમુક્ષોનો દીક્ષા મહોત્સવ ભવ્યાતી ભવ્ય રીતે સંપન્ન

થયેલ. ભાઈ-બહેનો-યુવાનો સાફા-ધવલ-કલરંગી વસ્ત્રોમાં સજ્જ થઈ હરખવેલા બની સામૈયાની શોભાને વધારનારા બનેલ. આ ગૌરવવંતી શોભાયાત્રામાં સુશોભિત પાલખીમાં ગચ્છાધિપતિ સૂરિરાજ કેવા મસ્ત શોભી રહ્યા હતા. સૌને કરકમલો દ્વારા ધર્મલાભના આશિષોની વૃષ્ટિ કરી રહ્યા હતા.

અનુક્રમે વિશાળ સંખ્યામાં ગરવા ગુરૂરાજ સૂરિરાજનો નગર પ્રવેશ, શોભાયાત્રા માતુશ્રી વિજયાબેન મણીલાલ ત્રીકમજી ડાઘા-દલતુંગીવાલા હ.સુપુત્ર મનોજભાઈના નિવાસસ્થાને પૂર્ણ થઈ. ત્યાં પધારેલા સૌની સકલ સંઘની નવકારશી સંઘપૂજન, ગુરૂભક્તિ વિ.રહેલ. ત્યારબાદ એજ રીતે વાજીંત્રોના નાદ સહ સામૈયા સહ રાજેન્દ્ર પાર્ક અ.ગ.ઉપાશ્રયે ૧લા માળે આ યાત્રા સંપન્ન થયેલ. ઉપાશ્રયે પ્રભુદર્શન, ગુરૂવંદન, માંગલિક પ્રવચન વિ. રહેલ.

ચારે-પાંચ મુમુક્ષુઓના બહુમાન દરમ્યાન વિજય તિલક કરવાનો ચડાવો બોલાયેલ. સૌજન્યશીલ દાતા પરિવારોએ મન મૂકી લાભ લઈ સુકૃતોપાર્જન કરેલ તથા ચારે મુમુક્ષુઓ દ્વારા પ્રસંગને શોભાયમાન કરનારા તમામે તમામનું રજતગીની દ્વારા બેઠું વરસીદાન રહેલ. તા.૨૨ નવેમ્બર સોમવારે ૮.૩૦ કલાકે ગચ્છાધિપતિશ્રીના વરદ્હસ્તે ઘાટકોપર નગરે દીક્ષીત થનારા મુમુક્ષુ શ્રાવિકા લક્ષ્મીબેનના વસ્ત્રો રંગોત્સવના મંગલ વિધાનરૂપે મુહપતિ રંગવાનો કાર્યક્રમ વિધિ હોલમાં રહેલે.



બપોરે સ્ટેજ કાર્યક્રમમાં ચ્યવન કલ્યાણની ઉજવણી, ૧૪ સ્વપ્ન દર્શન, માતા-પિતાનો સંવાદ, રાજ જ્યોતિષ દ્વારા સ્વપ્ન ફળ કથન, ઈન્દ્રાસન ડોલાયમાન વિગેરે કાર્યક્રમો રહેલ. તે દરમ્યાન ગ.આ. ભગવંતે લક્કી ડ્રો કાઢેલ તે દ્વારા લાખેણા દાતાઓને લાભ મળ્યા સવાયા, સંયમના ઉપકરણો વહોરાવી ધન્ય બનાયા.

સાંજે મુમુક્ષુઓનો વિદાય સમારંભ ઈશાન દોશી એ પારસ ગડાના રહેલ.

મંગળવાર, તા.૨૩ નવે. સવારે ૯.૩૦ ક. ચતુર્વિધ સંઘ નિશ્રાએ હોલમાં સ્ટેજ કાર્યક્રમ પ્રભુજીના જન્મ કલ્યાણકની ઉજવણી થયેલ.

બપોરે ૩ કલાકે નૂતન જિનબિંબો-ધ્વજ દંડ-કલશના ૧૮ અભિષેકનું વિધાન રહેલ. તે અંતર્ગત ઉપાશ્રયે અ.ગ.શ્રીની નિશ્રામાં વિશાળ શ્રમણ-શ્રમણીવૃંદ માટે વાચના રહેલ.

બુધવાર, તા.૨૪ નવે. વહેલી સવારે અચલગચ્છાધિપતિશ્રી સહ પૂ.આ.ભગવંત પૂ.મુનિવર્યો-પૂ.સાધ્વીજી ભગવંતો સહુ ગોરેગામથી વિહાર કરી અનુક્રમે મલાડ નગરે દીક્ષા સ્થળે આવી પહોંચ્યા.

લાખાણી બેન્કવેટ હોલના ત્રીજા મજલે સંપૂર્ણ કાર્યક્રમ રહેલ નવકારશી બાદ ઢોલ શરહનાઈના નાદે ચારે મુમુક્ષુઓ વિધિ મંડપમાં વરસીદાન કરતા હોંશે ઉમંગે પધાર્યા. જમણમાં ચૌમુખી પ્રભુજીને ૩ પ્રદક્ષિણા આપી અક્ષતથી વધામણા કર્યા બાદ સુવર્ણના આભુષણો થી પ્રભુજીની પૂજા કરેલ. અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા. વિશાળ પદસ્થ - મુનિવૃંદ સહ પધાર્યા. પ્રભુજીને બંને સુરીયુગલે પ્રદક્ષિણા આપી. ત્યારબાદ સકલ સંઘે પૂ.અ.ગ.શ્રી ને પ્રાદશાવર્ત વંદન કરેલ. બંને ફરી વાજીંત્રોના ગળગળાટ નાદે ગણે મુનિવર્યો જેઓ ગણિવરપદે આરૂઢ થવાના છે તેઓ

# ગોરેગામ સંઘ આંગણે અંજન શલાકા, પ્રાણ પ્રતિષ્ઠા, ગણિવર્ય પદ પ્રદાન, મુમુક્ષોનો દીક્ષા મહોત્સવ ભવ્યાતી ભવ્ય રીતે સંપન્ન

પધાર્યા. ૩ પ્રદક્ષિણા આપી ધન્ય બન્યા.

મહાવીરનો વંશ ધવલવસ્ત્રો પરિધાન કરી ચારે મુમુક્ષુઓ નીચા ઢળતા નયને ધીમા પગલે જયણાએ આગળ વધતા અનુક્રમે સ્ટેજ પર પધાર્યા. અક્ષતના વધામણા સૌએ ઉમંગભેર કર્યા. ક્રિયાવિધિ પુનઃચાલુ થતા પ્રભુજીને ૩ પ્રદક્ષિણા આપ્યા બાદ ગ.આ.ભ સુરિજી મુનિજી અને સાધ્વીજી ભગવંતો પાસે વાસક્ષેપ લીધા બાદ સકલ સંઘે અક્ષતથી વધામણા કર્યા.

નૂતન ત્રણે ગણિવર્યશ્રી - નૂતન ચારે દીક્ષિતોના નામકરણ થયેલ. અને ગ.આ.ભગવંતશ્રીના મુખકમલ દ્વારા પ્રકાશિત થયા ત્યારબાદ નૂતન દીક્ષીતોને હિતશિક્ષા પ્રદાન આ મહોદયસાગરસૂરિજી એ કરેલ. અરસપરસ વંદન આદિ વિધિ સંપન્ન થતા સર્વમંગલ થયેલ.

આજનો ગણિપદોત્સવ સંયગ્રહણાદિ મંગલ પ્રસંગો ખૂબ આનંદે ઉમંગે ઉલ્હાસે પૂર્ણ થયા.

૭૨ જિનાલય તીર્થે મુનિશ્રી રાજરત્નસાગરજી મ.સા.ને ગણિપદ પ્રદાન થયેલ. તથા કુ.વિધિબેનનું નામ સૌ. વિશુદ્ધ કીરણાશ્રીજી તરીકે જાહેર થયેલ.

તા.૨૫ નવેમ્બર ગૌરવંતા ગુરૂવારે અચલગચ્છાધિપતિ પ.પૂ. આ.ભ. શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા. આદિ પદસ્થ મહાત્માઓ સહ નૂતન દીક્ષીત મુનિરાજો - સાધ્વીજીઓના સંસારી ગૃહે તથા મહોત્સવના મહારાજાના ગૃહાંગણે પગલા કરેલ.

આજે નૂતનગણિવર્યશ્રી પૂ.કમલપ્રભસાગરજી મ.સા.નું મુનિપણાથી પૂર્વ જીવનના સંસ્મરણોને વાગોળતું મનનીય પ્રવચન રહેલ.

શુક્રવાર તા.૨૬ નવેમ્બરના વહેલી પરોઢે નૂતન ગૃહ જિનાલયે ભગવતી મંડલ પૂજન થયેલ.

પ્રભુજીના દીક્ષા કલ્યાણકનો વરઘોજાનો પ્રારંભ હોલથી થયેલ. જેની શોભાકાજે સુશોભિત ઈન્દ્રધ્વજા, બગીચો, પ્રભુજીનો ૨૫ બેંડ પાર્ટી, ઢોલ-શરણાઈ, પ્રભુજી વતી વરસીદાન શોભાયાત્રા વિશાળ ચતુર્વિધ સંઘ સહ સૌ ઉત્સાહભેર જોડાઈ ગચ્છશાસન શોભાની અભિવૃદ્ધી કરેલ.

વરઘોડાની પૂર્ણતા બાદ હોલમાં ગ.આ.ભ.વિશાળ ચતુર્વિધ સંઘ સહ પધાર્યા. ગુરૂવંદન-માંગલિક શ્રવણ બાદ માંગલિક પ્રાસંગિક પ્રવચન રહેલ. નૂતન ગણિવર્ય શ્રી ઉદયરત્નસાગરજી મ.સા. તથા ગણિવર્ય ધર્મરત્નસાગરજી મ.સા. બન્નેનું ઉપબૃહણા-અનુમોદના સભર પ્રવચન રહ્યું.

---


**જ્ઞાતિમૈયા માટે આપના વ્યક્તિગત તેમજ સંસ્થાકીય સમાચારો ફોટા સાથે મોકલાવો**

**Email : gyatimaiya2018@gmail.com**

**Whats App : 93222 57731**

**Read E-Paper http://www.kdosm.org**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**
**3, Anant Siddhi Building, Gr.Floor, LBS Marg, Bhandup (West) Mumbai - 78.**

# ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ



જન્મ
૨૮-૦૭-૧૯૪૯

અરિહંત શરણ
૨૪-૧૧-૨૦૨૧

## સ્વ. માણેકજી વિસનજી હિરજી છેડા

(ગામ-નલિયા • હાલ-મુલુંડ)

આપ ગુણોના ઉદ્યાન હતા, ને હતા સમર્પણની સુવાસ
આપની છાયા વડલા સમી, ને કાર્ય નદી સમાન
અમી ભરેલી આંખ હતી, હૈયે હતા હેતના ધોધ,
સત્કર્મ જીવન જીવી ગયા, આપ્યા સત્કર્મનો બોધ.

**શોકાતુર**

**નીશિથ આણંદીલાલ દંડ**
**પ્રવિણ હંસરાજ લોડાયા • કિર્તી ધનજી ધરમશી**
**ચંદ્રેશ વિરચંદ છેડા • મુલચંદ પી. મોતા**

ભરત નરશી દંડ • ચેતન મેઘજી મોતા • દેવાંગ ઉત્તમચંદ ખોના
ધીરેશ ઝવેરચંદ ધરમશી • હંસ બી. ખીમજી • હેમાંગ મણીકાંત મોમાયા
હર્ષદ લક્ષ્મીચંદ શાહ • જયેશ ભાગચંદ જૈન • કુણાલ તિલકચંદ ડાઘા
કુમાર બાબુભાઈ દંડ • મનીષા ચેતન પોલડીયા (શાહ) • મણીલાલ મુલજી લાલકા
નયન અશોક ભેદા • પ્રબોધ હિરાચંદ મુનવર • રાજેશ ખીમચંદ ધરમશી
રાજેન્દ્ર મોમાયા • રાજેન્દ્ર મણીલાલ ખોના • રાજુલ ભદ્રેશ પટેલ
સુનિલ માણેકજી લોડાયા • સંજય રતિલાલ અજાણી • તરૂણ રતનશી લોડાયા

**જયંતભાઈ વિશનજી છેડાના સાથી મિત્રો**

# સમસ્ત મહાજનની ક.દ.ઓ.દિવ્યાંગ સમિતિની દિવ્યાંગ શક્તિ યોજનામાં આધાર બનનાર દાતાને નમન

માતુશ્રી દમયંતિબાઈ અને શ્રી કાંતિલાલ કરમશી દંડ ઉજ્જૈન મંજલ રેલડિયાના સ્મરણાર્થે હસ્તે સૌ. દીપા બિપિન મોતાએ રૂા.૧૧ હજારનો ઉદારપણે ભંડોળ નોંધાવી દિવ્યાંગ શક્તિ યોજનાને અમૂલ્ય આધાર આપ્યો છે.




ઉદારતા એ માનવ સમાજ માટે એક આદર્શરૂપ સ્વૈચ્છિક અને બુધ્ધિગમ્ય સભ્યતા અને ભ્રાતૃભાવની નિશાની છે. એકબીજા પ્રત્યે અનુકંપા દાખવી તેઓ મદદરૂપ બનવી રહેવું એ માનવ સમાજ પ્રત્યેની આપણી પવિત્ર ફરજ બની રહે છે. આ લાગણી ભાવ સ્વભાવ સૌને માટે પ્રેરણા રૂપ બની રહે છે.

શ્રી કેડીઓ જૈન સમાજના જરૂરિયાતમંદ વ્યક્તિઓને મદદરૂપ થવા બદલ નવા દિવ્યાંગ પાલક, દિવ્યાંગ શક્તિ દાતાનો તેમજ આજ સુધી આ યોજનામાં જોડાઈ સદ્ભાવ અને સહાયની અતૂટ સાંકળની કડી બનવા બદલ સૌ ઉદારદિલ દાતાઓની અઢળક અનુમોદના કરે છે શ્રી સમસ્ત કે.ડી.ઓ.જૈન મહાજનની શ્રી ક.દ.ઓ. દિવ્યાંગ સમિતિ.

---

# શ્રી ક.દ.ઓ.જૈન સર્વોદય મંડળ મુલુંડ મહિલા વિભાગ દ્વારા 'તોલ મોલ કે બોલ' કાર્યક્રમનું આયોજન

તા.૩૦ નવેમ્બર મંગળવાર બપોરે ૩ થી ૬ કલાકે ધી ફ્લોટ હાઉસ સ્થળે શ્રી કચ્છી દશા ઓશવાળ જૈન સર્વોદય મંડળ મુલુંડ મહિલા વિભાગ દ્વારા તદ્દન નવો અને અનોખો પ્રોગ્રામ 'તોલ મોલ કે બોલ' નામે પ્રસ્તુત કરાશે. એન્ટ્રી ફી રૂા.૨૦૦/- વ્યક્તિ દીઠ ચટપટા નાસ્તા સાથે.




રજીસ્ટ્રેશન વગર એન્ટ્રી આપવામાં આવશે નહીં. રજીસ્ટ્રેશન કરવા તથા વધુ માહિતી માટે સંપર્ક સેજલ શાહ-૯૮૯૨૦૪૬૫૯૪, નિતલ લોડાયા-૯૮૧૯૬૮૦૦૨૧, હીના મૈશેરી-૯૮૨૦૬૨૧૮૮૦. GPay રિકિંતા મૈશેરી-૯૮૯૨૩૩૬૬૫૫

# સંજીવની કેસ નં.૫૭ માટે રૂા.૨.૬૪ લાખ મદદ માટેની ટહેલ

Samast Mahajan, Sanjivani Initiative

KDO

**CASE No.: 57**

## DONATION NEEDED!

### Mrs Hemlata Hanskumar Mota

Age-58yrs, Kalwa (Thane), Kutch- Kuapadhar.

**Diagnosed with Triple Vessel Disease.**
**Needs to undergo Coronary Artery Bypass Graft Surgery (CABG) at the earliest at Sir Kikabhai Premchand Cardiac Hospital Mumbai.**



**DONATION REQUIRED**
**Rs. 2.64 Lakh**

**Bank Details:**
Name: Shri Samasta Kutchi Dasa Oswal jain Mahajan
Bank : Bank of Baroda Branch : Mulund (West)
A/c.: 99630100021765
IFSC: BARB0DBMULW MICR : 400012272

Shri Samast KDO Jain Mahajan
Medical Committee

80G Registration number
AANTS1160JF20212

**Avail tax benefit under section 80G.**
*Submit Aadhar & Pan card Copy.
In case of Mobile/NEFT Transfer, kindly forward transfer details on 75060 70851

કુવાપધ્ધર હાલે કલવા-થાણાના ૫૮ વર્ષીય શ્રીમતી હેમલતાબેન હંસરાજ મોતાની ૧૫ નવેમ્બરના એન્જિયોગ્રાફી કરાઈ ત્યારે ત્રણ બ્લોક હોવાનું જણાયું જે માટે ડોક્ટરોએ Coronary Artery Bypass Graft Surgery (CABG) તાત્કાલિક કરાવવી જરૂર હોવાનું કહ્યું.

તેમના પતિ રિટાયર્ડ છે. પુત્રની સાથે રહે છે અને પરિવાર માસિક ગુજારો જોગ લઘુતમ આવક મેળવી લે છે. પતિએ બચાવેલી રકમ આકસ્મિક બીમારીના ઈલાજમાં વપરાઈ ગઈ જેમાં પત્ની હેમલતાબેન મોતાને કોરોનાગ્રસ્તને લીધે હોસ્પિટલાઈઝ કરવા પડ્યા હતા જ્યારે પુત્રને કિડનીમાં પથરીની સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવા પડ્યા હતા.

એન્જીયોગ્રાફી અને હોસ્પિટલનો બીલ સગાસંબંધીઓ અને પરિવારના સપોર્ટ કરાયો છે. હવે હૃદયની સર્જરીની અંદાજિત રકમ રૂા.૨.૬૪ લાખની જરૂરત છે. મોતા પરિવાર આજે પરિવારના આધાર સ્તંભ મોભી વડીલની અણધારી બીમારીથી ચિંતિત છે ત્યારે સમસ્ત મહાજનની મેડિકલ સમિતિના સર્વે ઉદાર જ્ઞાતિજનો ભણી આશા ભરી મીટ માંડી છે. જેના સહારે હેમલતાબેન મોતા જરૂર ઓપરેશન અને ઈલાજ કરાવી વહેલી તકે સ્વઘરે પરત હેમખેમ પાછા ફરશે. સદ્‌ભાવ અને સંગઠન દશાઈઓના આદર્શ ગુણધર્મ છે એ સંજીવની કેસ નં.૫૭માં ફરી એકવાર પુરવાર થશે એવી શ્રધ્ધા છે.

આમાં સહભાગી થનાર દાતાને ૮૦જી અંતર્ગત ટેક્સ બેનિફિટ મળી શકશે. જે માટે દાતાએ પાન અને આધારની કોપી ડોનેશન રકમ સાથે આપી દેવી.

# મુંબઈ મહાનગરપાલિકા વોર્ડ ક્રમાંક ૧૭૭ના નગરસેવિકા નેહલ અમર શાહ ખોનાના પાંચ વર્ષ કાર્યકાળની પુસ્તિકાનું વિમોચન કરાયું




મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનના વોર્ડ ક્રમાંક ૧૭૭ વડલા વિસ્તારના કાર્યશીલ નગરસેવિકા તથા કચ્છ જન જાગૃતિ અભિયાનના કમિટી મેમ્બર શ્રીમતી નેહલ અમર શાહ ખોના (સાંધવ-દાદર)એ પાંચ વર્ષના કાર્યકાળ દરમ્યાન કરેલા લોકપયોગી કાર્યોની સંકલિત કાર્ય સૂચિ પુસ્તિકાનો વિમોચન કાર્યક્રમ શુક્રવાર તા.૨૬ ઓક્ટોબરના નારાણજી શામજી વાડી માટુંગા (ઈસ્ટ) સે.રે. મધે યોજાયો.

આ કાર્યક્રમમાં મહારાષ્ટ્ર રાજ્ય વિધાન પરિષદના વિરોધ પક્ષના નેતા વિધાન પરિષદ સભ્ય પ્રવીણ દરેકર, ભાજપ પક્ષના મહારાષ્ટ્ર પ્રદેશના ઉપાધ્યક્ષ ધારાસભ્ય પ્રસાદ લાડ, વડાલા વિધાન સભા ક્ષેત્રના વિધાનસભ્ય કાલિદાસ કોલમ્બકર, સાયન વિભાગના ધારાસભ્ય કેપ્ટન તમિલ સેલવન, વોર્ડ ક્રમાંક ૧૦૨ સાયન વિસ્તારના નગરસેવિકા શ્રીમતી રાજેશ્રી શિરવડકર અને શ્રી માટુંગા મૂર્તિપૂજક શ્વેતાંબર જૈન સંઘના ચેરમેન મોહનભાઈ વીંછીવોરા તથા પ્રમુખ નવીનભાઈ ગંગર ઉપસ્થિત રહ્યાં હતા.

આ પ્રસંગે કચ્છ યુવક સંઘ, કચ્છ જન જાગૃતિ અભિયાન અને બહેના સંગઠન દ્વારા શુભેચ્છા પાઠવવામાં આવી હતી. માટુંગાના સ્થાનિક નાગરીકોએ નેહલબેન શાહ અને તેમણે કરેલા લોકપયોગી કાર્યોની પ્રશંસા કરી હતી. કાર્યક્રમનું સંચાલન ધીરજભાઈ છેડા 'એકલવીર'એ કર્યું હતું. નેહલબેન શાહ ખોનાએ પ્રતિભાવમાં વોર્ડ અધ્યક્ષ હેમંતભાઈ દોશી અને તમામ પદાધિકારીઓ અને કાર્યકર્તાઓનો આભાર માનતા નમ્રપણે જણાવ્યું હતું કે મારી સમગ્ર ટીમના કારણે જ હું સારું કામ કરી શકી છું. આને કહેવાય પાંજે કચ્છડે જો પાણી. અત્રે યાદ આપવું જરૂરી છે કે આ અગાઉ મુંબઈના નગરસેવકોના કાર્યોની નોંધ લેતા સંગઠન દ્વારા શ્રીમતી નેહલબેન અમર શાહ-ખોનાની પસંદગી સર્વશ્રેષ્ઠ નગરસેવક તરીકે કરી સન્માન કર્યું હતું.



# પૂષ્પાંજલિ

મોટા ભાઈ આપ હતાં પરિવારના બાગબાન,
આપની હસ્તી હતી શીતળ છાયા સમાન,
નાના-મોટા સહુના હૃદયમાં આપે કર્યો હતો વાસ,
સદાય મહેંકતી રહેશે આપની સ્મૃતિઓની સુવાસ
આપનું વાત્સલ્ય, દૂરંદર્શીતા
અને પરિવારમાં સહુ પ્રત્યે સ્નેહભર લાગણી
ક્યારેય ભૂલી શકાશે નહીં.



અવતરણ
૨૮-૦૭-૧૯૪૯

## સ્વ. માણેકજી વિસનજી હિરજી છેડા

**(ગામ-નલિયા • હાલ-મુલુંડ)**

અરિહંત શરણ
૨૪-૧૧-૨૦૨૧



ધાર્મિક સંસ્કારો થકી
આપે મનુષ્યદેહને ઉજાગર કર્યો હતો.
દરેક પ્રસંગે પરિવારના માર્ગદર્શક બની
અમને રાહ બતાડનાર મોભીને
ભાવભર્યા શ્રદ્ધાસુમન
આપની વિદાયથી અમે અમારા સહૃદયી
વડીલની છત્રછાયા ગુમાવી છે.
પરમ કૃપાળુ પરમાત્મા એમના આત્માને પરમ શાંતિ આપી,
ભવાંતરે મોક્ષ ગામી બનાવે એ જ પ્રાર્થના.



-: શ્રદ્ધાસુમન :-

**માતુશ્રી લક્ષ્મીબેન વિસનજી હિરજી છેડા પરિવાર, ગામ-નલિયા, હાલ-મુલુંડ**
**માતુશ્રી નવલબેન બંકીમચંદ્ર કેશવજી લોડાયા, ગામ-રવા, હાલ -સાયન**

# પ્રિયંક નાગડામાંથી પ્રેરણા લઈને દેશભરમાંથી ૨૭૦૦ જણ સાઈક્લિંગમાં જોડાયા







દિલ્હીની 'સાઇકલ ફોર ઇવેન્ટ સંસ્થાએ યોજેલા દેશના સૌથી મોટા વર્ચ્યુઅલ સાઈક્લિંગ અને રનિંગ ઇવેન્ટમાં બે દિવસમાં ૨૭૦૦ જણે ભાગ લીધો હતો. આ ઇવેન્ટમાં મહત્વની ઘટના એ હતી કે તેના એમ્બેસેડર તરીકે કચ્છી યુવાન દિવ્યાંગ પ્રિયંક નાગડા હતો. બંને પગ ગુમાવ્યા પછી હતાશ થયા વિના સામાન્ય જીવન જીવતા પ્રિયંકથી પ્રેરાઇને લોકો હોંશભેર ઇવેન્ટમાં જોડાયા હતા. 'સાઇકલ ફોર ઇવેન્ટ'એ દેશમાં હરિયાળી ક્રાંતિ સર્જવા અને પર્યાવરણની રક્ષાના હેતુથી આ આયોજન શનિ-રવિવાર તા. ૨૦/૧૧ અને તા. ૨૧-૧૧ના કર્યું હતું. સંસ્થાએ પ્રિયંક નાગડાની સાથે જોડાવા દેશવાસીઓને અપીલ કરી હતી. વ્હીલચેરની જિંદગીમાંથી હિંમતભેર બહાર આવીને પેરા ઇન્ટરનેશનલ બેડમિન્ટન પ્લેયર અને સાઈક્લિસ્ટ બનનાર આ યુવાન પાસેથી પ્રેરણા લેવા જણાવ્યું હતું. ઓનલાઇન પ્રસિદ્ધિમાં પ્રિયંક વ્હિલચેરમાં બેઠેલો છે. તેનો અને બેડમિન્ટન રમતો હોય તેનો ફોટોગ્રાફ દર્શાવાયો હતો. જેને સુંદર પ્રતિસાદ મળ્યો હતો.

આ ઇવેન્ટમાં વોકિંગ, રનિંગ અને સાઈક્લિંગમાં ૨૬૦૦-૨૭૦૦ લોકો જોડાયા હતા. આ વર્ચ્યુઅલ ઇવેન્ટ હતો એટલે પોતાના અનુકૂળ સમયે. અને સ્થળે રહીને જોડાવાનું હતું, જેનું રજિસ્ટ્રેશન કરવાનું હતું. મોબાઇલમાં એપ્લિકેશનથી ટૂંકની નોંધ થઈ હતી. જીપીએસથી કોણે કેટલું કર્યું તે દેખાઈ જતું. પ્રિયંક હાલમાં ગાંધીધામમાં છે ત્યાં તેની સાથે ૧૦૦-૧૫૦ લોકો જોડાયા હતા.

કચ્છી દશા ઓશવાળ સમાજના દિવ્યાંગ યુવાન પ્રિયંક જયંતિલાલ નાગડાના પગ પરથી ટ્રેલર પસાર થઈ જતાં બંને પગ કચડાઈ ગયા હતા. પીડાદાયક સારવાર પછી બંને પગ જોડાયા પછી તે વ્હીલચેર પર બેસી શકતો હતો, પણ તેણે નિયમિત કસરત કરીને પગે ચાલતો થયો પછી સાઈ કિંલગ શરૂ કર્યું હતું. નાનપણથી બેડમિટન રમતો હોવાથી આ દશામાં પણ રમવાનું શરૂ કર્યું અને ઇન્ટરનેશનલ મેચ જીતી હતી. હાલમાં જોબ કરે છે અને ઘરથી ઓફિસ સાઈકલથી જાય છે. દરરોજ ૩૦-૪૦ કિ.મી. સાઈક્લિંગ કરે છે.

આ ઈવેન્ટની સફળતા માટે પ્રિયાંકની મમ્મી મૃદુલાબેન જયંતિલાલ નાગડા ખુશી વ્યક્ત કરતાં કહ્યું હતું કે 'મારા પુત્રની લાઈફ જર્નીથી કોઈ પ્રેરિત થાય, પ્રોત્સાહિત પામે એ આનંદિત થવાની ઘટના છે.'

# ભુજ નગર સંઘમાં વિશાળ સાધુ સાધ્વીજી ભગવંતોનું નગર પ્રવેશ ઉત્સાહભેર કરાયો







કચ્છ વિભાગના ઐતિહાસિક પાટનગર ભુજ નગરે ચિંતામણી પાર્શ્વનાથ દાદાના સાંનિધ્યમાં દીક્ષાર્થી મુમુક્ષુઓ વંદનકુમાર કારાણી, અજેશભાઈ પ્રબોધ મુનવરના દીક્ષા પ્રસંગે અજોડ શાસન પ્રભાવક, ૨૧મા વર્ષીતપના તપોનિધિ પ.પૂ.આ.ભ.શ્રી કવિન્દ્રસાગરસૂરીશ્વરજી મ.સા. પ્રખર પ્રવચનકાર પ.પૂ.મુનિરાજ શ્રીપૂર્ણભદ્રસાગરજી મ.સા. સદાનંદી પ.પૂ.ગણિવર્ય શ્રી રાજરત્નસાગરજી મ.સા. આદિ વિશાળ સાધુ સાધ્વીજી ભગવંતોનું નગર પ્રવેશ અઢળક ઉત્સાહભેરના માહોલમાં થયું.

# મૃગજળથી મહાસાગર શિર્ષક અંતર્ગત સાપ્તાહિક ધ્યાન વિષયક પ્રવચન માળા





ગણિવર્ય પદ પ્રાપ્તિ પછીનું પ્રથમ પદાપર્ણનું સૌભાગ્ય શ્રી મુલુંડ શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ-શ્રી અચલગચ્છ જૈન સમાજ મુલુંડને આપ્યું છે એવા પ.પૂ.ગણિવર્ય શ્રી ઉદયરત્નસાગરજી મ.સા. આદિ ઠાણાઓની પરમ તારક નિશ્રામાં સવારે ૮.૧૫ થી ૯.૧૫ કલાકે તા.૨૯ નવેમ્બર સોમવારથી તા.૫ ડિસેમ્બર રવિવાર સુધી સાપ્તાહિક ધ્યાન વિષયક પ્રવચન માળા Mirage to Ocean- એટલે મૃગજળથી મહાસાગર ઓજસ્વી પ્રવચનકાર પ.પૂ.શ્રી ગુણવલ્લભસાગરજી મ.સા.ની અમૃત ઝરતી, આત્માને તૃપ્ત કરતી જિનવાણી સાંભળવામાં પરિવાર સાથે પધારવાનું ભાવસભર આમંત્રણ છે. મિત્રો પડોશીઓને પણ આ વિષયે જાણકારી આપજો જેથી તેઓ પણ આનો લાભ પામી શકે..

શુભ સ્થળ શ્રી વાસુપૂજ્ય સ્વામી જિનાલય, ઝવેર રોડ, મુલુંડ વેસ્ટ પ્રવચન માળામાં શું જાણ શું એની તપશીલ. • Meditation એટલે શું? • એના પ્રકારોનું સ્વરૂપ • ધ્યાન કેવી રીતે થાય? • Meditation કરવાના ફાયદાઓ • ધ્યાન માર્ગમાં મંઝવતા સવાલો અને તેના શાસ્ત્રીય સમાધાનો • ધ્યાની વ્યક્તિની દિન ચર્ચા • આહાર ચર્ચા • જીવન ચર્ચા • ધ્યાનનું ફળ Result • ધ્યાનની અનુભૂતિ • સાધકોના વિશિષ્ટ અનુભવો વિગેરે.

# ભુજ સંઘમાં દીક્ષા પ્રસંગે સદ્ગુરૂ શરણમ મમ નામક સંગીતમય કાર્યક્રમ યોજાયો






તા.૨૭ નવેમ્બર શનિવારના ભુજનગર સંઘમાં દીક્ષાર્થી મુમુક્ષુઓ વંદનકુમાર કારાણી અને અજેશકુમાર પ્રબોધ મુનવરની દીક્ષા મહોત્સવ પ્રસંગે પ.પૂ.આ.ભ.શ્રી કવિન્દ્રસાગરસૂરીશ્વરજી મ.સા. તથા ગણીવર્ય પ.પૂ.રાજરત્નસાગરજી મ.સા. આદિ સાધુ સાધ્વીજીની પાવન સભર નિશ્રામાં સદ્ગુરૂ શરણમ મમ નામે સંગીતમય કાર્યક્રમ યોજવામાં આવેલ. સંઘના શ્રાવક શ્રાવિકાઓ અનેરા ભાવથી કાર્યક્રમને માણ્યો હતો.





# ભાવાંજલિ



જન્મ તારીખ
૨૮-૦૭-૧૯૪૯

અરિહંત શરણ
૨૪-૧૧-૨૦૨૧

# સ્વ. માણેકજી વિસનજી છેડા

**ગામ-નલિયા • હાલ-મુલુંડ**

કરૂણાહૃદયી દિવ્ય આત્માને શ્રદ્ધાંજલિના સુમન અર્પણ...
અમારા માણેકજીભાઈની વિદાયથી
સ્નેહલ સંગાથ ગુમાવેલ છે.
યાદ એમની અવિરત રહેશે, ને આંખો નિરંતર ભીંજાશે....
જીંદગી સાચા અર્થમાં જીવીને પ્રેમદીપ પ્રગટાવ્યા
એવા શ્રી દિવંગત આત્માને આપજો
શાશ્વત સુખ એ જ ભાવભીની શ્રદ્ધાંજલિ

**શ્રદ્ધાસુમન**

**નિર્મલા નવિનચંદ્ર કરમશી શાહ પરિવાર, ગામ-સાંધવ**
**જયોતી ખુશાલ લક્ષ્મીચંદ ધરમશી પરિવાર, ગામ-છાડુડા**
**દિવ્યા તિલકચંદ પાનાચંદ મૈશેરી પરિવાર, ગામ-માંડવી**
**શોભના જીતેન્દ્ર ઉમરશી લોડાયા પરિવાર, ગામ-નલિયા**

# ભાંડુપ સંઘમાં ઠાણા ઉ.ઠાણા, ૪૫ આગમની શોભાયાત્રા સાથે લબ્ધિ કળશના કાર્યક્રમો શાનદાર રીતે થયા



સેન્ટ્રલ રેલવે વિભાગના ભાંડુપ નગર સંઘમાં તા.૧૯ નવેમ્બર શુક્રવારના સવારના ૫.૩૦ વાગે અનંત સિધ્ધિ ભાંડુપથી મહારાજ સાહેબ ઠાણા ઉ ઠાણા માટે પ્રથમ શક્તિ બિલ્ડીંગમાં પદમ પ્રભુ સ્વામી જિનાલયે દર્શન વંદન કરી ત્યાંથી લબ્ધિ કળશ કુકરેજા કોમ્પલેક્સમાં ભાવનાબેન અમિત મોમાયા વરાડિયાવાલાના ઘરે વિધિ વિધાન સાથે કુંભ સ્થાપના થઈ. ત્યારબાદ નવકારશી કરી વાજતે ગાજતે ઢોલ-શરણાઈ વાંજીત્રના તાલે ૧૦ થી ૧૨ સુશોભિત બગીઓ સાથે ધૂમધામપૂર્વક કુકરેજા કોમ્પલેક્ષથી વિલેજ રોડ શંખેશ્વર દેરાસરે દર્શન કરી ત્યાંથી ૪૫ આગમ સાથે શોભાયાત્રા પ્રથમેશ પર્લ સોસાયટીમાં પુષ્પાબેન દામજી આણંદજી લોડાયા પરિવાર બાંઢિયાવાલા હસ્તે મનોજભાઈ લોડાયાના નિવાસ સ્થાને પહોંચી.





આગમના વરઘોડો સાથે પ્રથમેશ પર્લમાં સાહેબનો આવકાર સાથે સ્વાગત થયો. સંગીતના સથવારે ૧૦ થી ૧૨ સાહેબનો ઠાણા ઉ.ઠાણાનો પ્રોગ્રામ લાભાર્થી પરિવાર પુષ્પાબેન દામજી આણંદજી લોડાયા એ સાહેબનું ગુરૂ પૂજન કર્યું. ભાંડુપ સંઘના પ્રમુખ મનોજભાઈ લોડાયાએ આવકાર આપ્યો. કુમારભાઈએ સાહેબને માટે બે શબ્દો કહી ગુરૂ કૃપા પામવા બદલ ધન્યતા વ્યક્ત કરી. ચેતનભાઈ મોતા અને રાજેશભાઈ છેડાએ પણ આ અવસરે પોતાના ભાવ બે શબ્દોમાં વ્યક્ત કર્યા. બપોરે ૧૨.૩૦ કલાકે સાધર્મિક ભક્તિ લાભાર્થી પરિવાર તરફથી થઈ. આ દિવસે પ.પૂ.ઉદયરત્નસાગરજી મ.સા., પ.પૂ.શ્રી ગુણવલ્લભસાગરજી મ.સા.નો મુકામ લાભાર્થી પરિવારને ત્યાં રહ્યો હતો.

તા.૨૦ નવેમ્બર શનિવારના દિને સવારે ૫.૩૦ કલાકે પ્રથમેશ પર્લથી પવઈ તરફ સાહેબજીએ વિહાર પ્રારંભ કર્યો.

# શ્રી અચલગચ્છ કચ્છી જૈન સંઘ યવતમાળની મિટીંગ યોજાઈ

શ્રી અચલગચ્છ કચ્છી જૈન સંઘ યવતમાળના પ્રમુખ દિનેશભાઈ લોડાયાના અવસાન પછીની પ્રથમ મિટીંગમાં તેમને ભાવપૂર્ણ શ્રધ્ધાંજલિ અર્પણ કરી નવનિયુક્ત પ્રમુખ હિતેન્દ્ર વર્ધમાન ધરમશીને આવકાર આપી સ્વાગત કરાયું. પ્રમુખ હિતેન્દ્ર વર્ધમાન ધરમશીએ બધાને સાથે મળી સંઘનું વહીવટ સંભાળી સુચારૂપણે કાર્ય કરવાનું કહ્યું.

શ્રી અખિલ ભારત અચલગચ્છ વિધિપક્ષ શ્વેતાંબર જૈન સંઘના ટ્રસ્ટી મનિષભાઈ વિક્રમભાઈ ધરમશીનું બહુમાન કરાયેલ. તદ્ઉપરાંત રમેશભાઈ છેડાનું પણ બહુમાન કરાયું. ડિપ્લોમા ઈન જૈન વિદ્યામાં પ્રાવિણ્ય મેળવી ઉર્તિણ થનાર સંગીતાબેન લોડાયા અને ઉર્મિલાબેન ધરમશીનું ભાવભર્યું બહુમાન કરવામાં આવ્યું. અંતે નૂતન વર્ષ નિમિત્તે સાલ મુબારકનો પ્રોગ્રામ કરાયું.

# સાંધવ નગરથી ભુજ તરફ વિહાર કર્યો સાધ્વી મહારાજ સાહેબ આદિ ઠાણા

કચ્છ અબડાસા પ્રાંતના સાંધવ નગરે શ્રી શાંતિનાથ દાદાની શીતલ છાયામાં પ.પૂ.સાધ્વીશ્રી કનકગુણાશ્રીજી મ.સા. આદિ ઠાણા ૫ સાંધવ ગામથી ભુજ તરફ વિહાર શરૂ કર્યો હતો. સંઘના નાની મોટી વયના શ્રાવક શ્રાવિકાઓ ભાવ વિહોર ભાવે ગુરૂદેવ અમારો અંર્તનાદ અમને આપો આશિર્વાદના નાદ કરતા જોડાયા હતા.

# ખામગામ નગરમાં મહારાજ સાહેબોનું ચાતુર્માસ પરિવર્તન થયું





મહારાષ્ટ્ર રાજ્યના વિર્દભ પ્રાંતના ખામગામ નગરે અચલગચ્છ સંઘમાં પ.પૂ.સાધ્વીશ્રી વિજયપુર્ણાશ્રીજી મ.સા. આદિ ઠાણા-૩ના ચાતુર્માસ પરિવર્તન વાજતે ગાજતે થયા. સંઘના શ્રાવક શ્રાવિકાઓ ભાવવિહોરતાથી સહભાગી થઈ ધન્ય થયા હતા. ગુરૂજી અમારો આર્તનાદ અમને આપો આર્શીવાદના નારા ગજાવ્યા હતા.

# ૧૪ વર્ષીય દીક્ષાર્થી મુમુક્ષુ કુમારી રાજવીબેનને દીક્ષાનું મુહૂર્ત પ્રદાન કરાયું



અચલગચ્છના પરિવારમાં એક વધુ મુમુક્ષુના સંયમ ગ્રહણના મુહૂર્તની ઘોષણા થઈ છે. અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા.ના હસ્તે ગોરેગામમાં મહોત્સવ દરમ્યાન તા.૨૪ નવેમ્બર બુધવારના દિને દીક્ષાર્થી મુમુક્ષુ પાટણ હાલે વિક્રોલીની કુમારી રાજવીબેન સુરેશભાઈ શાહને તા.૩ ફેબ્રુઆરી ૨૦૨૨ના દીક્ષાનું મુહૂર્ત પ્રદાન થયેલ.

કુમારી રાજવીબેન શાહ ૭ વર્ષની બાલ્ય ઉંમરેથી જ પ.પૂ.સાધ્વીશ્રી મહોદયશ્રીજી મ.સા. અને તેમના શિષ્યાઓ સાથે રહે છે. છેલ્લાં સાત વર્ષેથી ભેગા રહી હવે ૧૪ વર્ષની ઉંમરે તેઓ સંયમ માર્ગે પ્રયાણ કરશે. તેમની દીક્ષા પાલિતાણામાં ગુણોદય પૂરમાં થશે.

# કોઠારાના દીક્ષાર્થી મુમુક્ષુ અજેશકુમાર મુનવર પરિવારજનોની આંખોમાં અશ્રુ સાથે સંસારિક ઘરનો કાયમ માટે ત્યાગ કર્યો





મૂળ કોઠારાના અને ભુજ પરિસરના ભુજોડી નગરના વર્ધમાન નગરના નિવાસી દીક્ષાર્થી મુમુક્ષુ તા.૨૬ નવેમ્બર શુક્રવારના સાંજે ૫.૧૦ કલાકે પોતાના સંસારિક નિવાસ સ્થાનનો કામય માટે ત્યાગ કરી પ્રભુ વીરે બતાવેલ સાચા માર્ગના સ્વીકાર કરવા પ્રયાણ કરેલ. આ ટાણે તેમના માતા પિતા અને સ્વજન, આપ્તજનો સજળ નયને વિદાય આપી. તેમની દ્રઢતાને ધર્મ સંયમના દ્રઢ નિશ્ચયને બિરદાવી જાણે કહ્યું કે જા સંયમ પંથે દીક્ષાર્થી તારો પંથ સદાકાળ માટે ઉજમાળ બને.

# મુંબઈમાં બિરાજમાન અચલગચ્છના સાધુ-સાધ્વીજી ભગવંતોને માટે વેક્સિનેશન ડોઝ આપવા માટેની સૂચના

શ્રી ક.દ.ઓ.જૈન જ્ઞાતિ મહાજન મુંબઈ, શ્રી અનંતનાથ ટ્રસ્ટ અને શ્રી શેઠશ્રી નરશી નાથા મેડિકલ ટ્રસ્ટ દ્વારા જ્યુપિટર હોસ્પિટલના સહયોગથી મુંબઈમાં બિરાજમાન અચલગચ્છના સાધુ-સાધ્વીજીઓને કોરોના વેક્સિનેશનનો પહેલો અથવા તો બીજો ડોઝ લેવાની ઈચ્છા હોય તો શ્રી અખિલ ભારતના પત્ર પ્રમાણે રિકવેસ્ટ લેટર મધ્યે વિગત ભરી નીચે લખેલ નંબર પર ત્વરિત સંપર્ક કરી વિગત મોકલવી. સાધુ-સાધ્વીજી ભગવંતો પાસે આધાર કાર્ડ ન હોવાથી એની માટે સ્પેશિયલ પરમિશન લેવી જરૂરી હોવાથી જલદીથી વિગત મોકલવી જેથી તરત જ તે પ્રમાણેનું યોગ્ય પ્લાનિંગ થઈ શકે. ગોરેગામમાં દીક્ષા, ગણી પદવીને પ્રતિષ્ઠા મહોત્સવ પ્રસંગે અથવા ઘાટકોપરમાં દીક્ષા અને પારણા પ્રસંગે ઉપરોક્ત ડોઝ આપવાનું આયોજન વિચારાધીન છે. જેથી સર્વે પૂજ્યશ્રીઓને એક સાથે વેક્સિનેશન ડોઝ આપવામાં સુગમતા રહે. એ વિનંતી શેઠશ્રી નરશી નાથા મેડિકલ ટ્રસ્ટના મેનેજીંગ ટ્રસ્ટી કુમાર બાબુભાઈ દંડ દ્વારા વિનંતી કરાઈ છે. મો.નં.૯૩૨૨૬૮૦૦૦૮, ૯૯૨૦૯૩૫૪૧૪ (વોટસએૅપ નંબર).


જ્ઞાતિમૈયામાં ડિઝીટલ મેગેઝીનમાં જાહેરાતોના દરો

| પ્રકાર | સાઈઝ | ૧ વખત | ૪ વખત/૧ મહિના | ૧૩ વખત/૩ મહિના | ૨૬ વખત/૬ મહિના | ૫૨ વખત/૧૨ મહિના |
|---|---|---|---|---|---|---|
| આખું પાનું | 155 x 225 mm | 1,000.00 | 3,500.00 | 10,000.00 | 18,000.00 | 35,000.00 |
| અડધું પાનું | 155 x 110 mm | 800.00 | 3,000.00 | 9,000.00 | 15,500.00 | 30,000.00 |
| પા પાનું | 75 x 110 mm | 500.00 | 1,800.00 | 5.500.00 | 10,500.00 | 20,000.00 |

ચેક SHRI SAMASTA KUTCHI DASA OSWAL JAIN MAHAJAN ના નામે લખવા

# નોકરી જોઈએ છે

Name : Ketan M. Nagda
Birth Year : 15th Oct 1976
Area : Mulund (W), Mumbai - 400 080.
Vancany : Sales & Marketing and Post Sales CRM
Qualification : B.COM
E-Mail : nagdaketan76@gmail.com
Contact : 91-9833952951

Name : Nirav Momaya
Birth Year : 19th May 2000
Area : Rajkot
Vancany : Fresher
Qualification : Bachelor of Computer Application
E-Mail : niravmomaya19@gmail.com
Contact : 99741 90306

Name : Dhairya Karani
Area : Bhuj
Vancany : Looking for Job in Either Teaching Field or in Pharmaceutical Companies R & D Department
Qualification : M.Sc. In Organic Chemistry & Qualified IIT-Jam Exam
E-Mail : Dhairyakarani@gmail.com
Contact : 91-7984668632

Name : Bhumika Hiten Shah
Birth Year : 17th April 1990
Area : Dombivli (E) 421204
Vancany : Lawyer
Qualification : B.Com, LLB, LLM
E-Mail : bhumiamunwar@gmail.com
Contact : 91-9665 000 922

Name : Dolly J. Shah
Birth Year : 11th May, 1989
Area : Mulund West, Mumbai - 400 080
Vancany : Accountant
Qualification : M.COM
E-Mail : dolly.dharamshi@yahoo.in
Contact : 9820492155 / 8422887743

Name : Fenil Sharad Poladiya
Birth Year : 22nd July, 1994
Area : Ghatkopar West, Mumbai - 400 077
Vancany : Looking for job
Qualification : MBA - Hybrid
E-Mail : fenilpoladiya003@gmail.com
Contact : 8329556692

Name : Jigar Kalyanji Khona
Birth Year : 05th December 1986
Area : Raipur – 492001 (Chhattisgarh)
Vancany : Accountant
Qualification : B.Com, LLB
E-Mail : jigarjain222@yahoo.in
Contact : 7974854159

Name : Urmi Kale
Birth Year : 10th June 1991
Area : Pune
Vancany : Senior Hardware Engineer
Qualification : B. E (Electronics)
E-Mail : urmi.vikamshi6@gmail.com
Contact : 9022482479

Name : Ninad Kale
Area : Pune
Vancany : Electronics and Telecommunication
Qualification : B.E.
E-Mail : kale.ninad7@gmail.com
Contact : 91-7738001560

Name : Yash Girish Shah Nagada
Area : Sangli
Vancany : Motorsport Engineering
Qualification : Master of Science (M.Sc)
E-Mail : yash.shahys18996@gmail.com
Contact : 7798890917 / 8983220097

# નોકરી ખાલી છે

Name : Parekh Marine Agencies Pvt ltd
Area : Gandhidham, Gujarat
Qualification : Graduate
E-Mail : mitesh@parekhgroup.in
Contact : 2836232213

Name : No company
Area : Ahmednagar, Maharashtra
Qualification : B.Arch
E-Mail : avanimeisheri19@gmail.com
Contact : 8087464554

Name : Creative Computers
Area : Mumbai, Maharastra
Qualification : B.Com or Mscit or IT background
E-Mail : prem@creativecomputers.co
Contact : 9820291869

Name : Alight Solutions
Area : Mumbai, Maharashtra
Qualification : Workday Associate Consultant-Compensation Certified
E-Mail : chins101@gmail.com
Contact : 9967816084

## સમસ્ત મહાજનની બીટુબી કમિટીના સહયોગથી નવી પહેલ

કોરાનાના લાંબા કપરા કાળની અસર સૌના ધંધા, રોજગાર પર પડી છે. જેને લીધે અનેક પરિવારોને આર્થિક, સામાજિક અસરો થઈ છે. આ સમસ્યાને ધ્યાનમાં લઈને જ્ઞાતિમૈયા સમસ્ત મહાજનની બીટુબી કમિટીના સહયોગથી વ્યવાસિકોને નોકરી ખાલી છે એ જરૂરત પૂરી કરવા અને યોગ્ય ધરાવતા જ્ઞાતિજનોને નોકરી જોઈએ છે એ માટે તક મળી રહે એ માટે બીડું ઝડપી તક પૂરી પાડશે.

તો આ વિભાગનો લાભ મળી રહે એ માટે આપની જરૂરિયાતની વિગત મોકલશો જે આ વિભાગ અંતર્ગત લિંકમાં એટેચડ કરાશે.

**જેમની કંપનીમાં નોકરી ખાલી છે તે લોકો અહીં ક્લીક કરીને આ ફોર્મ ભરે**

**નોકરીની જરૂરિયાત વાળા વ્યક્તિ ક્લીક કરીને આ ફોર્મ ભરે**

# ભાવભીની શ્રદ્ધાંજલિ



વિમલા લોડાયા
તા.૨૦ નવે. (ઉ.૮૨)
રવા-કલીકટ



જયશ્રી દંડ
તા.૨૩ નવે. (ઉ.૫૬)
સુથરી-કોચીન



વિજય નાગડા
તા.૨૨ નવે. (ઉ.૬૧)
પરજાઉ-વાલકેશ્વર



માણેકજી છેડા
તા.૨૪ નવે. (ઉ.૭૨)
નલિયા-મુલુંડ



કલ્પના નાગડા
તા.૨૫ નવે. (ઉ.૫૭)
રાપર-ડોંબિવલી

**આ કોલમમાં આપના કુટુંબીજનોને આપ વિનામૂલ્યે શ્રદ્ધાંજલિ આપી શકશો. વિગતમાં આપ નામ, ફોટો, ઉંમર અને હાલ વસવાટની વિગત વિનામૂલ્યે આપવામાં આવશે.**



# વતનજા વાવડ ...



– સં. રાજન ચંદે 'ધૂણી'

● મણિનગર ગાદી સંસ્થાનના પૂર્વ આચાર્ય પુરૂષોત્તમ પ્રિયદાસજી સ્વામીની સ્મૃતિમાં માંડવી ભુજ રોડ પર નારાણપર પાસે ૧૩ એકરમાં વિશાળ સ્મૃતિવનનું નિર્માણ કરવામાં આવ્યું છે. જેમાં સુંદર તળાવ એમાં ફુવારા ગોઠવવામાં આવ્યાં છે અને બોટીંગની વ્યવસ્થા કરવામાં આવી છે. વિવિધ ફળાઉ ઝાડ આખા પરિસરને હરિયાળું બનાવે તેવા હજારો વૃક્ષો રોપવામાં આવ્યા છે. અહીં ઝૂલતા પુલનું આકર્ષણ છે તો સફેદ રેતીથી ટ્રેક સજાવાયો છે. બે તળાવ અને વિવિધ ચાર સ્મૃતિ બગીચા બનાવાયા છે. આમ કચ્છીઓને માટે સાત્વિક રીતે હરવા ફરવાનું અને પિકનિક સ્થળ હોય એ રીતે વિકસાવામાં આવ્યું છે.

● ૫૬૨ રજવાડાઓનું એકત્રિકરણ કરનારા અખંડ ભારતના શિલ્પી સરદાર વલ્લભભાઈ પટેલની ૧૪૬મી જન્મ જયંતિએ ગુજરાત પોલીસ પશ્ચિમ કચ્છ દ્વારા રાષ્ટ્રીય એકતા બાઈક રેલીનું પ્રસ્થાન લખપત ખાતેથી વિધાનસભાના અધ્યક્ષા ડૉ.નીમાબેન આચાર્ય દ્વારા કરાયું. ૨૫ બાઈક રાઈડરોની રેલી જેમાં છ મહિલાઓ છે. તેઓ સ્વતંત્રતા સંગ્રામ અને સરદાર વલ્લભભાઈ સાથે સંકળાયેલા સ્થળોઓથી ફરીને કેવડિયા ખાતે સ્ટેચ્યુ ઓફ યુનિટી સ્થળે પહોંચશે.

● બંદરીય શહેર માંડવી શહેરના પૂર્વ દિશાએ યાત્રાધામ રાવળપીરદાદા મંદિરની બાજુમાં કેન્દ્ર સરકારના લાઈટ હાઉસ અને શિપ્સ વિભાગ દ્વારા અઢી કરોડના ખર્ચે તૈયાર થયેલી દીવા દાંડીનું ઉદ્‌ઘાટન ભારત સરકારના શિપિંગ બંદર અને જલ પરિવહન મંત્રી સર્બાનંદ સોનેવાલના હસ્તે કરાયું. છેલ્લા અઢી વર્ષથી દીવા દાંડી નિર્માણનું કાર્ય ચાલતું હતું.

● વિધાન સભા અધ્યક્ષા ડૉ.નીમાબેન આચાર્યના હસ્તે અબડાસા તાલુકાના મોથાળા ગામે સ્થાનિક ખેડૂતોને તેમની વિવિધપેદાશ દૂર વેંચાણ કરવા ન જવું પડે અને એથી પરિવહનનો ખર્ચનો વધારાનો બોજો ન પડે ઉપરાંત ઘર આંગણે જ સારા ભાવ અને બજાર મળી રહે તે માટે સુવિધાપૂર્ણ માર્કેટ યાર્ડ ૩૫ કરોડના ખર્ચે ઉભારવાનું ભૂમિપૂજન કરાયું. આ ખાનગી યાર્ડમાં સરકારી ધારા ધોરણ પ્રમાણે ૨૦૦ દુકાનોનું નિર્માણ થશે. ખેડૂતો ને મોટી તક ઉપરાંત અહીં એક હજાર લોકોને રોજગારી પ્રાપ્ત થશે.

● કોરોના મહામારી સામે રક્ષણ આપતા રસીકરણ ક્ષેત્રે ભારતે ૧૦૦ કરોડ લોકોનું રસીકરણ કરીને મેળવેલી સિધ્ધિને કચ્છના મહાબંદર દીનદયાળ પોર્ટએ અનોખી રીતે ઊજવી બિરદાવી હતી. કંડલા તથા વાડીનાર બંન્ને બંદરોએ લાંગરેલા તમામ જહાજો એ એક સાથે જહાજના હોર્ન વગાડીને જાણે શંખનાદ, વિજયનાદ કર્યો હતો. જેટીએ લાંગરેલા તમામ જહાજોએ એક સાથે જહાજના હોર્ન વગાડીને જયઘોષ કરતાં મહાબંદર ઘણઘણી ઊઠ્યું હતું. કેટલાંક જહાજોએ જહાજ ઉપર રસીકરણની સિધ્ધિ દર્શાવતા બેનર લગાડ્યાં હતાં અને દેશની સિધ્ધિને ગૌરવભર થઈને બિરદાવી ખુશી વ્યક્ત કરી હતી.

● અમેરિકન સ્પેસ એજન્સી નાસા અને ભારતની અંતરીક્ષ એજન્સી ઈસરો સંસ્થા દ્વારા હાથ ધરાયેલાં માર્સમિશન દરમ્યાન મંગળ ગ્રહ પરની અસમતોલ જમીન પરની જેરોસાઈટ નામક ખનિજ આશાપુરા સ્થાનક માતાના મઢ ખાતેથી મળી આવ્યું હતું. નાસા સહિતની વિવિધ સંસ્થાના વૈજ્ઞાનિકો દ્વારા સંશોધન કાર્ય હાથ ધરાયું હતું જે કોરોના મહામારીના કારણે ગત વર્ષના અધવચ્ચે અટકાવી દેવામાં આવ્યું હતું. પરંતુ હવે પરિસ્થિતિ સુધરતા ફરી જેરોસાઈટ મામલે દેશ વિદેશની સંસ્થાઓના વૈજ્ઞાનિકો આગામી ફેબ્રુઆરીથી સંશોધન કાર્ય ફરી શરૂ કરશે.



Sure Safety
Complete Safety Solutions
ONE STOP SAFETY SOLUTION PROVIDER
ALL INDIA DEALERS WANTED
Drive your growth with India's biggest PPE brand SAVIOUR
Freedom Helmet
Saviour Electric Arc Suit
Saviour Safety Harness
Saviour Foldable Ear Muffs
Di-electric Boots
Saviour Work-wear Cotton Coverall
Saviour Safety Glasses
Flash Lights
Saviour 'PRO' BA Set with Composite Cylinder
Saviour Chem Pro Gloves
N95 Mask
Saviour Lion Safety Shoes
We manufacture India's biggest & most trusted PPE brand SAVIOUR
Reliable | Transparent | Assured Guarantee
SAVIOUR®
Performing PPE
Contact: + 91 8511495152 | sales@suresafety.com | www.suresafety.com


DON'T
Compromise!
"HEALTH INSURANCE"
Portability Benefits Available
COMPARE, SCRUTINIZE & DECIDE
Karani
: For Details Contact Us :
YASHODHAN KARANI 98211 37737
DEEPAK KARANI 98210 82664
DEEPAK MOMAYA 93233 44737
KALPESH LODAYA 93248 33133
☑ Global Cover
☑ No Room Rent Restrictions
☑ Consumables Benefit Cover
☑ Maternity Cover
☑ Emergency Air Ambulance
☑ OPD Dental Treatment Upto 10000/-
☑ OPD Treatment Upto 5000/-
☑ 60 Days-Pre & 90Days Post Hospitalisation
☑ Road Ambulance 5000 per Hospitalisation
☑ Compassionate Travel Upto 20000
☑ High End Diagnostic upto 25000
☑ Bariatric Surgery Cover
☑ No Claim Bonus 50% every year upto 100%
☑ Long Term Policy Discount 10% for 3 yrs Policy
*T & C APPLY
insurancekhoj.com™
the ultimate stop for insurance™
#404, BPS PLAZA, DEVI DAYAL ROAD, MULUND (W), MUMBAI - 400080.
90049 99900 / 93221 37737 79771 01415 insurancekhoj@gmail.com
LOCATIONS : GUJARAT | MAHARASHTRA | MADHYA PRADESH | KARNATAKA